અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શિયલ
પાયલોટ/લાયસન્સની તાલીમ માટે લોનમાં
વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-એસસીડબ્લ્યુ-૧૦૨૦૧૩-૭૭૫૧૯૧-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૦૮/૦૮/૨૦૧૪

વંચાણે લીધા-

(૧ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તારીખઃ-૧૩/૧૧/૨૦૧૩નો પત્રક્રમાંકઃ-અજાક/ગ-૧/૩/કો.પા.તા./ન.બા./૨૦૧૩૧૪/૫૫૬૬-૬૭
(૨) ભૂતપૂર્વમજૂર સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૧-૧૦-૧૯૮૭નો ઠરાવક્રમાંકઃએસસીડબ્લ્યુ-૧૦૮૭- મુમ.૧૨૪૭-જ
(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩૧/૦૩/૧૯૯૮નો ઠરાવક્રમાંકઃટીએપી-૨૦૯૭-૧૭૬-ઘ
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૧૦/૯૯નો ઠરાવક્રમાંકઃ એસસીડબ્લ્યુ- ૦૯૮- ન.બા.-૧૬-ગ
(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૦૩/૦૭નો ઠરાવક્રમાંકઃ અજાક-૧૩૦૬- ન.બા.-૧૦-ગ
(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧/૦૧/૦૯નો ઠરાવક્રમાંકઃ અજાક-૧૩૦૬- ન.બા.-૧૦-ગ
(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૪/૪/૦૯નો ઠરાવક્રમાંકઃ અજાક-૧૩૦૬-ન.બા.-૧૦-ગ
(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૮/૦૯નો ઠરાવક્રમાંકઃ અજાક-૧૦૨૦૦૮-ન.બા.-૨૭-ગ

ઠરાવઃ-

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શિયલ પાયલોટ/લાયસન્સની તાલીમ માટે ઉપરોક્ત વંચાણે લીધેલ ઠરાવોથી યોજના અમલમાં મૂકી વાર્ષિક ૪%ના દરે નાણાકીય લોન આપવામાં આવે છે. ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ(૮) પરના ઠરાવથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શિયલ પાયલોટ/લાયસન્સની તાલીમ માટે હાલમાં રૂ.૨૦.૦૦ લાખ લોન આપવામાં આવે છે. આવી તાલીમ આપતી સંસ્થાઓના ખર્ચના અંદાજો જોતા તાલીમ ખર્ચમાં વધારો થાય છે. જેથી આવી રકમ ભરવા માટે વિદ્યાર્થીઓ અશક્તિમાન હોવાથી આવી તાલીમમાં પ્રવેશ મેળવી શકતા નથી. આ જોતા આ તાલીમની રકમમાં વધારો કરવો જરૂરી હોવાથી અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં અંદાજે પાંચ વિદ્યાર્થીઓના લક્ષ્યાંક સાથે રૂ.૫.૦૦ લાખના સૂચિત વધારા મુજબ રૂ.૨૫.૦૦ લાખની નવી બાબત રજૂ કરવામાં આવેલ હતી.

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શિયલ પાયલોટ/લાયસન્સની તાલીમ માટેની યોજના માટેની વર્ષ ૨૦૧૪-૧૫માં કરવામાં આવેલ જોગવાઈ રૂ.૨૫.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગૂ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનુ પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ યોજના અંગેની અન્ય શરતો/નિયમો યથાવત રહેશે.

આ અંગેનો થનાર ખર્ચ ચાલુ વર્ષમાં થયેલ બજેટ જોગવાઈ માંગણી ક્રમાંક ૯૫-અનુસૂચિત જાતિ પેટાયોજના, મુખ્ય સદર-૬૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગનું કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર-૦૧- અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર-(૨) બીસીકે-૧૪ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પાયલોટ માટેની વ્યવસાયિક તાલીમ લોન બાબત સદરે થયે જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૪/૦૬/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

(દિપલ હડીયલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીની નાયબ સચિવશ્રી
- મા. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી(નિયામકશ્રી મારફત)
- તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત),જિલ્લા પંચાયત(નિયામકશ્રી મારફત)
- બજેટ શાખા(સા.ન્યા.)
- [illegible] (સા.ન્યા), [illegible], સચિવાલય, ગાંધીનગર
- કમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વેબસાઈટ પર મૂકવા વિનંતી
- પસંદગી ફાઈલ.